


**સંસદમાં મડાગાંઠ હજુ પણ અકબંધ** Page-6

**સુવિચાર : સંબંધો પુસ્તક જેવા છે જે વાંચતા ઘણા કલાક લાગે છે, પણ લખવા બેસો તો વર્ષો નીકળી જાય છે- ફ્રેન્ચ કહેવત**

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૩૫ | ૨૪ જુલાઇ, ૨૦૧૫, શુક્રવાર ; અષાઢ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આખરે કોંગ્રેસે ૩ વર્ષે ૩ બળવાખોરો સસ્પેન્ડ કર્યા

## મનપાના ત્રણ બળવાખોર કોંગી નેતાઓ આખરે પક્ષમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા : શિસ્ત સમિતિએ ત્રણ વર્ષ બાદ આકરા પગલાં લેવા ભલામણ કરી : સસ્પેન્ડના હૂકમોની નકલ કમિશનરને પણ મોકલાઈ : કોંગ્રેસ હવે વિપક્ષની ભૂમિકામાં

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગરપાલિકાના ત્રણ કોંગી બળવાખોર સભ્યોને આખરે શિસ્ત સમિતિની ભલામણને આધારે પ્રદેશ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીએ પક્ષમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા છે.

૨૦૧૨ની વિધાનસભા ચૂંટણી પૂર્વે કોંગ્રેસમાંથી બળવો કરી પૂર્વ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, પૂર્વ ડે. મેયર શ્રી સુભાષ પાંડવ તથા વર્તમાન મેયર શ્રીમતિ હંસાબેન મોદી ભાજપમાં જોડાયા હતા.

કોંગ્રેસ પક્ષ દ્વારા તેમના બળવાને કાનૂની લડત આપવામાં આવી હતી પરંતુ તેમાં કોંગ્રેસના ધોબી પછાડ મળી હતી. આ પછી પુનઃ તાજેતરમાં મેયર અને ડે. મેયર અને સ્ટે. કમિટીના સભ્યોની ચૂંટણી વેળાએ પક્ષ દ્વારા તેમને પુનઃ મેન્ડેટ બજાવવામાં આવ્યો હતો.

આનો પણ તેમણે ભંગ કરતાં કોંગ્રેસે તેમને કારણદર્શક નોટીસ પાઠવી હતી. પરંતુ આખરે પક્ષની શિસ્ત સમિતિએ તેમને પક્ષમાંથી સસ્પેન્ડ કરવાની કરેલી ભલામણનો પ્રદેશ પ્રમુખે સ્વીકાર કરી પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા છે.

પ્રદેશ મહામંત્રી શ્રી બાબુભાઈ પટેલે આ અંગેની જાણ શહેર પ્રમુખ મુકેશ પટેલને કરી છે અને તેમણે પ્રદેશ સમિતિના આદેશ સાથેની નકલ મ્યુનિ. કમિશનરને મોકલી આપી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીને આડે હવે ૮ માસ જેટલો સમય બાકી છે ત્યારે કોંગ્રેસ પક્ષે સત્તાવાર રીતે હવે વિપક્ષમાં બેસવાનું મન બનાવી દીધું છે.

આ ત્રણ સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવતાં કોંગ્રેસની સભ્ય સંખ્યા ઘટીને ૧૫ થવા પામી છે.

દરમ્યાન શહેર કોંગ્રેસ સમિતિના અંતર્ગ વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ સભ્યોને સસ્પેન્ડ કરાયા બાદ તેમની સામે પુનઃ પક્ષાંતર ધારા ભંગની ફરિયાદ કરવા બાબતે વિચારણા હાથ ધરવામાં આવી છે અને ટુંકમાં જ તે અંગેનો નિર્ણય લઈ લેવાશે.



પ્રભાતે પુષ્પોનું સૌંદર્ય - પ્રકૃતિ માનવજાત પર અનેક ઉપકાર કરે છે... સૌંદર્યની વ્યાખ્યા પુષ્પ દ્વારા અભિવ્યક્ત કરાય છે... સૂર્યના ઉગવાની સાથે પુષ્પો ખીલે છે... પુષ્પોના ખીલવાનું અનુસંધાન સૂર્યના પ્રકાશ સાથે જોડાયું છે... વરસાદની મોસમમાં ગાંધીનગરમાં ખીલતા બોગનવેલ પર સરસમજાના ગુલાબી પુષ્પો માર્ગોની સુંદરતામાં વૃદ્ધિ કરે છે... પ્રકૃતિનું સ્મિત એટલે પુષ્પોનું સૌંદર્ય... આ મસ્તમજાના નાના રંગીન પુષ્પો ખુશીનો સંદેશ આપે છે... ખુશ રહો - ખુશ રાખો... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# સિવીલ હોસ્પિટલમાં ડાયાલીસીસ સેન્ટર આગામી મહિનાથી કાર્યરત કરાશે

## ૮ કર્મચારીઓને ખાસ તાલિમ માટે કિડની ઈન્સ્ટીટયુટ મોકલાયા : આઈસીસીયુ નો પણ વિસ્તાર કરાશે : ડાયાલીસીસ માટે પ્રથમ તબક્કામાં ૧૦ પથારી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં ડાયાલીસીસની સુવિધા આગામી માસના અંતથી કાર્યરત કરવામાં આવશે. આ માટે ૮ સભ્યોની ટીમને એક મહિનાની ખાસ તાલિમ માટે કિડની ઈન્સ્ટીટયુટ ખાતે મુકવામાં આવ્યા છે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલની સેવાઓના વિસ્તરણની કામગીરી તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે. આ તબક્કામાં ડાયાલીસીસ સેન્ટર શરૂ કરવાની બાબતનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત હોસ્પિટલની પથારીઓ ૫૫૦ સુધી લઈ જવામાં આવશે.

હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ડાયાલીસીસ સેન્ટર માટે પ્રથમ તબક્કામાં ૧૦ પથારી અને આ પછી ૨૦ પથારી સુધીની સુવિધા ઉભી કરવાનું આયોજન છે.

આ ડાયાલીસીસ સેન્ટર કિડની ઈન્સ્ટીટયુટ અમદાવાદ સાથે પરામર્શમાં રહી વિકસાવવામાં આવી રહ્યું છે.

હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું છે કે આજે હોસ્પિટલમાંથી ત્રણ તબીબ અને ચાર નર્સ તેમજ એક વોર્ડ ઈન્ચાર્જને આ માટે તાલિમમાં મોકલવા અંગેના હુકમો જારી કરી દેવામાં આવ્યા છે. એક મહિનાની તાલિમના અંતે તેઓ પરત ફરતાં જ આ સેવાઓનો આરંભ ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં કરી દેવામાં આવશે.

બીજી તરફ સિવીલ હોસ્પિટલનો આઈ.સી.સી.યુ. વોર્ડ પણ વિસ્તરણ કરવામાં આવશે. આ વોર્ડ ઝડપથી નવા સંકુલમાં ખસેડી અને તેની પથારી પણ ૨૦ કરવામાં આવશે તેમજ આઈસીસીયુ માટે અન્ય બ્રાન્ચો પણ શરુ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# વિવાદો વચ્ચે આજે પંચાયત દ્વારા સન્માન સમારોહ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વપદાધિકારીઓ પૂર્વ ધારાસભ્યો અને પૂર્વ સાંસદો તેમજ સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શતાયુ વંદનાનો કાર્યક્રમ સામસામી આક્ષેપો અને પ્રતિ આક્ષેપોને લઈ વિવાદોમાં આવી જવા પામ્યો છે.

**કોંગ્રેસ : દબાણ અને પ્રલોભનની રાજનીતિ અપનાવાઈ રહી છે**

**ભાજપ : પંચાયતી રાજના વિકાસની સાથે રાજયના વિકાસમાં યોગદાનના ઋણ સ્વીકારનો કાર્યક્રમ છે**

બીજી તરફ મેડીકલ કોલેજના હોલમાં યોજાયેલ આ સમારોહ માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભીએ પ્રલોભન અને દબાણની રાજનીતિ પૂર્વપદાધિકારીઓ પર અપનાવવામાં આવી રહી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે અને આવી રાજનીતિ નહિ કરવા અનુરોધ કર્યો છે.

વધુ માહિતી આપતા શ્રી ડાભીએ જણાવ્યું છે કે ૧૨ લાખ જેટલી

● અનુસંધાન પાન-૭ પર

# વિસનગરમાં પાટીદારોની અનામત રેલી લોહીયાળ બની

## તોફાને ચઢેલા ટોળાએ ધારાસભ્યની ઓફીસે પથ્થરમારો કરી કાર સળગાવી નાંખી : ચાર પત્રકારોના કેમેરા તોડીને હૂમલો કરાયો : પોલીસે લાઠીચાર્જ કરીને છ રાઉન્ડ ફાયરીંગ કરવુ પડ્યુ

ગાંધીનગર, તા. ૨૩

અનામત મુદ્દે પાટીદારોએ છેડેલા રાજ્યવ્યાપી આંદોલન ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. આજે વિસનગરમાં અનામત મામલે લોહીયાળ બની ગઈ હતી. તોફાને ચઢેલા ટોળાએ ધારાસભ્ય ઋષિકેશ પટેલની ઓફીસમાં તોડફોડ મચાવી વાહનો સળગાવી કવરેજ કરવા પહોંચેલા ચાર પત્રકારોના કેમેરા તોડી તેમની ઓફીસે ગયા હતા અને તે પણ ટોળાનો ભોગ બની ગયા હતા. તેમની ગાડી ટોળાએ સળગાવી નાંખી હતી. ધારાસભ્યની કચેરીમાં પથ્થરમારો કર્યા બાદ વાહનો વાણોલ, દિવ્ય ભાસ્કરના ઈન્દ્રવદનભાઈ ભટ્ટ, ડીડી ન્યુઝના વનરાજસિંહ અને ગુજરાત સમાચારના સંકેતભાઈ પર હૂમલો કરી કેમેરા તોડી નાંખ્યા હતા. બેકાબુ









હૂમલા કર્યા હતા. પોલીસે બેકાબુ ટોળાને કાબુમાં લેવા છ રાઉન્ડ ફાયરીંગ કરવું પડ્યું હતું.

પાટીદારોની રેલીમાં વિફરેલા ટોળાએ ધારાસભ્ય ઋષિકેશ પટેલની ઓફીસમાં પથ્થરમારો કરીને તોડફોડ કરી નાંખી હતી.

નિકળેલી પાટીદારોની રેલીમાં ભારે ધમાલ મચી ગઈ હતી અને રેલી અંતે માણસાના પુર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોર ઋષિકેશ પટેલને મળવા સળગાવવાનું શરૂ કરનાર ટોળાએ આ રેલીનું કવરેજ કરવા ગયેલા પત્રકારોને પણ છોડ્યા ન હતા. ટીવી નાઈનમાં ફરજ બજાવતા સુરેશભાઈ ટોળાને કાબુમાં લેવા પોલીસે લાઠીચાર્જ કરીને ૧૩ ટીયરગેસના સેલ છોડી છ રાઉન્ડ ફાયરીંગ પણ કર્યું હતું.

### વિસનગરમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ...

- વિસનગરમાં પાટીદારોની રેલી હિંસક બની
- ટીયરગેસના શેલ છોડવા, લાઠીચાર્જ કરવા અને ગોળીબાર કરવાની પોલીસને ફરજ પડી
- અનેક વાહનોને આગ પણ ચાંપવામાં આવી
- પાટીદાર સમાજ દ્વારા હાલમાં અનામતની ચળવળ શરૂ કરાઈ
- ધારાસભ્યની ઓફિસ ઉપર ઘેરાવ કરીને પથ્થરમારો કરાયો
- પત્રકારોની ટીમ ઉપર પણ હુમલો કરાયો હોવાના અહેવાલ
- ગૃહ વિભાગ દ્વારા હિંસા અંગે અહેવાલ માંગવામાં આવ્યો
- રેલીમાં રહેલા કેટલાક તોફાની તત્વોએ તોડફોડ કરી હોવાના અહેવાલ મળ્યા
- પોલીસને સ્થિતિને કાબૂમાં લેવા છ રાઉન્ડ ગોળીબાર કરવાની ફરજ પડી અને ૧૩થી વધુ ટિયરગેસના શેલ પણ છોડાયા
- વધારાના પોલીસ જવાનો તૈનાત કરાયા


